પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૦ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બ્રિક્સ વિશ્વના ઉભરતા અર્થતંત્રો માટે પ્રભાવશાળી અવાજ : મોદી

**વડાપ્રધાને બ્રિક્સના ૧૩મા શિખર સંમેલનની અધ્યક્ષતા કરી : વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા આ મંચ ઉપયોગી રહ્યું અને તે ૧૫ વર્ષોમાં વધુ પરિણામદાયી થાય એવી આશા મોદીએ વ્યક્ત કરી**




નવી દિલ્હી, તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરૂવારે બ્રિક્સના ૧૩માં શિખર સંમેલનની અધ્યક્ષતા કરતા કહ્યુ કે છેલ્લા દોઢ દાયકામાં બ્રિક્સે અનેક સિદ્ધિઓ હાસિલ કરી છે. તેમણે કહ્યું કે આજે આપણે વિશ્વની ઉભરતી અર્થવ્યવસ્થાઓ માટે એક પ્રભાવકારી અવાજ છીએ. વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે આ મંચ ઉપયોગી રહ્યું છે.

પ્રદાનમંત્રી મોદીએ કહ્યુ કે, આપણે તે નક્કી કરવાનું છે કે બ્રિક્સ આગામી ૧૫ વર્ષોમાં વધુ પરિણામદાયી થાય. ભારતે પોતાની અધ્યક્ષતા માટે જે થીમ પસંદ કરી છે, તે આ પ્રાથમિકતા દર્શાવે છે- બ્રિક્સ એટ ૧૫- ઈન્ટ્રા-બ્રિક્સ કોર્પોરેશન ફોર કન્ટીન્યૂટી, કોન્સોલિડેશન એન્ડ કોન્સેનસસ.

તેમણે કહ્યું કે, હાલમાં પહેલા 'બ્રિક્સ ડિજિટલ હેલ્થ સંમેલન'નું આયોજન થયું હતું. ટેક્નોલોજીની મદદથી સ્વાસ્થ્ય સેવાઓ સુધીપહોંચવા માટે આ એક ઈનોવેટિવ પગલું છે. નવેમ્બરમાં આપણા જળ સંસાધન મંત્રી બ્રિક્સ ફોર્મેટમાં પ્રથમવાર મળશે.

પીએમ મોદીએ આગળ કહ્યુ કે, આ પ્રથમવાર થયું છે કે બ્રિક્સે મલ્ટિલેટરલ સિસ્ટમની મજબૂતી અને સુધાર એક સંયુક્ત પગલું લીધુ છે. તેમણે કહ્યું કે, અમે બ્રિક્સ કાઉન્ટર ટેરરિઝમ એક્શન પ્લાનપણ એડોપ્ટ કર્યો છે.

આ બીજીવાર છે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રિક્સ શિખર સંમેલનની અધ્યક્ષતા કરી

● અનુસંધાન પાન-૭ પર



વક્રતુંડ મહાકાય સૂર્ય કોટિ સમપ્રભ
નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા

# દેશમાં કોરોના વકર્યો : નવા ૪૩૨૬૩ કેસ

**૨૪ કલાકમાં ૩૩૮ દર્દીનાં મોત : ભારતમાં હાલ ૩,૯૩,૬૧૪ એક્ટિવ કેસ, કોવિડથી મૃત્યુ પામનારા કુલ લોકોની સંખ્યા ૪,૪૧,૭૪૯એ પહોંચી, કોરોના સંક્રમણના કેસ ફરી વધ્યા**

નવી દિલ્હી,તા.૯

દેશમાં કોરોના સંક્રમણ સતત ડરાવી રહ્યો છે. ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ફરીથી ૪૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. જેમાં માત્ર કેરળમાં જ ૩૦ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે અને ૧૮૧ દર્દીએ જીવ ગુમાવ્યો છે. મહારાષ્ટ્રમાં ૪૧૦૦થી વધુ લોકો સંક્રમિત થયા છે અને ૬૫ દર્દીનાં મોત થયા છે. આ બે રાજ્યોની તુલનામાં ગુજરાતમાં સંક્રમણની સ્થિતિ ઘણે અંશે કાબૂમાં છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૭ નવા કેસ નોંધાયા છે. આ ઉપરાંત મૃત્યુદરમાં મોટો ઘટાડો નોંધાતા રિકવરી રેટ ૯૮.૭૬ ટકા છે. ગુરૂવાર સવારે કેન્દ્રીય આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૩,૨૬૩ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩૩૮ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૧,૩૯,૯૮૧ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૭૧,૬૫,૯૭,૪૨૮ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૬,૫૧,૭૦૧ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કોવિડ-૧૯ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૨૩ લાખ ૪ હજાર ૬૧૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૦,૫૬૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ભારતમાં હાલ રિકવરી રેટ ૯૭.૫૦ ટકા છે. હાલમાં ૩,૯૩,૬૧૪ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૪,૪૧,૭૪૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

## ઈન્કમટેક્ષ રિટર્ન ભરવાની તારીખ લંબાવાઈ

નવી દિલ્હી, તા.૯

ઈન્કમટેક્ષ ભરવા માટેની અંતિમ તારીખ હવે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ કરાઈ છે.

સીબીડીટીની અખબારી યાદીમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૨૧-૨૨ના રિટર્ન ૩૧ ડિસેમ્બર સુધીમાં ભરી શકાશે. કોરોનાની બીજી લહેરને કારણે ઘણા બધા વેપાર - વ્યવસાયને રોજીંદા વ્યવહારોમાં હાલાકી સર્જાઈ હતી. જેના કારણે હિસાબો તૈયાર કરવામાં વિલંબ થયો હોવાની રજૂઆત કરાતા સીબીટીડીએ આજે તારીખ લંબાવવાનો આખરી નિર્ણય કર્યો હતો.



શાબાશ - ટોકીયોમાં પેરાલિમ્પિકમાં ભારતે પ્રભાવી દેખાવ કરી પરત ફરેલ દિવ્યાંગ ખેલાડીઓ સાથે પ્રધાનમંત્રીએ મુલાકાત કરી હતી... અને પ્રત્યેક ખેલાડી સાથે સંસ્મરણો વાગોળી પીઠ થાબડી હતી... પ્રધાનમંત્રીએ ગૌરવંતા ખેલાડીઓને બિરદાવ્યા હતા...

# સાવધાન : હજી બીજી લહેર ગઈ નથી, ૩૮ જિલ્લાઓમાં ૧૦૦ કેસ

**કોરોનાની સ્થિતિ પર કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે માહિતી આપી : કેરળની સ્થિતિ અત્યંત ચિંતાજનક, દેશમાં કુલ સક્રિય કેસમાં ૬૧ ટકા કેરલ અને મહારાષ્ટ્રમાં ૧૩ ટકા**

નવી દિલ્હી, તા.૯

દેશમાં કોરોનાના સૌથી વધુ નવા કેસ કેરલ રાજ્યમાંથી સામે આવી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે જણાવ્યુ કે, દેશમાં છેલ્લા ૨૪ કલાકની અંદર ૪૩,૨૬૩ નવા કેસ સામે આવ્યા અને તેમાંથી ૩૨ હજાર કેસ માત્ર કેરલ રાજ્યમાં નોંધાયા છે. પાછલા સપ્તાહે આવેલા કોરોના વાયરસના કુલ નવા કેસમાં આશરે ૬૮ ટકા કેસ કેરલથી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે આગળ કહ્યુ કે, દેશમાં કોરોના કેસમાં ઘટાડો ૫૦ ટકાથી થોડો ઓછો છે, જે પ્રથમ લહેરમાં હતો. તેમણે કહ્યું કે, દેશમાં હજુ કોરોનાની બીજી લહેર જોવા મળી રહી છે, જે ખતમ થઈ નથી.

આ સાથે તેમણે કહ્યું કે, દેશમાં માત્ર ૩૮ જિલ્લામાં દરરોજ ૧૦૦થી વધુ કેસ આવી રહ્યાં છે. દેશમાં કુલ સક્રિય કેસમાં ૬૧ ટકા કેરલ અને મહારાષ્ટ્રમાં ૧૩ ટકા છે. કર્ણાટક, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં ૧૦,૦૦૦થી વધુ અને ૫૦,૦૦૦થી વધુ સક્રિય કેસ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે કહ્યુ કે, આવનારા તહેવારો પહેલા આપણે રસીકરણની ગતિ વધારવી પડશે. આપણે દેશમાં અત્યાર સુધી રસીના ૭૨ કરોડ ડોઝ આપ્યા છે. મેમાં એવરેજ ૨૦ લાખ ડોઝ દરરોજ લાગતા હતા, આજે સપ્ટેમ્બરમાં આપણે ૭૮ લાખ ડોઝ દરરોજ લગાવી રહ્યાં છીએ.

દેશમાં ઝડપી રસીકરણ અભિયાન પર નીતિ આયોગના સભ્ય ડોક્ટર વીકે પોલે જણાવ્યુ કે, અત્યાર સુધી ૧૮ વર્ષથી વધુ ઉંમરના ૫૮ ટકા લોકોને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવી ચુક્યો છે, તેમાંથી ૧૮ ટકાએ વેક્સિનનો બીજો ડોઝ પણ લઈ લીધો છે.

# મોદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે ભાજપ ૧૪ કરોડ રાશન બેગ વહેંચશે

**૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો જન્મ દિવસ : ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓક્ટોબર સુધીમાં અલગ અલગ પ્રકારનાં આયોજનો : પાંચ લાખ પોસ્ટકાર્ડ મોકલાશે**

નવી દિલ્હી, તા.૯

પીએમ મોદીનો ૧૭ સપ્ટેમ્બરે જન્મ દિવસ છે ત્યારે ભાજપે આ નિમિત્તે ત્રણ સપ્તાહ સુધી તેની ઉજવણી કરવાનુ નક્કી કર્યુ છે. જેના ભાગરુપે ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓક્ટોબર સુધી અલગ અલગ પ્રકારના આયોજનો કરવામાં આવશે.દેશમાં ૧૪ કરોડ રાશન બેગ વહેંચાશે તેમજ દેશભરમાંથી થેક્યુ મોદીજી લખેલા પાંચ કરોડ પોસ્ટ કાર્ડ મોકલવામાં આવશે.

દેશમાં ૭૧ સ્થળોએ નદીઓની સફાઈ પણ કરવામાં આવશે સાથે સાથે સોશિયલ મીડિયા પર હાઈ પ્રોફાઈલ કેમ્પેન પણ હાથ ધરાશે.સરકારના કોરોના રસીકરણ અભિયાનને પણ પ્રોજેક્ટ કરવાનુ નક્કી કરાયુ છે.પીએમ મોદીના જીવન પર ભાજપ દ્વારા સેમિનારો યોજવાનુ પણ પ્લાનિંગ કરાયુ છે.

ગયા વર્ષે ભાજપે એક સપ્તાહ સુધી પીએમ મોદીના જન્મ દિવસની ઉજવણી કરી હતી.જોકે આ વખતે ઉજવણીનો વ્યાપ વધારાશે અને ત્રણ સપ્તાહ સુધી ચાલનારા અભિયાનને સેવા અને સમર્પણ અભિયાન નામ અપાયુ છે. ૨૦૧૪ બાદ એમ પણ ભાજપના રાજકીય અભિયાનોમાં પીએમ મોદી જ કેન્દ્ર સ્થાને રહ્યા છે. ભાજપે હવે પીએમ મોદીના જન્મ દિવસની ઉજવણી કરીને લોકો સુધી પહોંચવાનુ નક્કી કર્યુ છે.૧૪ કરોડ રેશન બેગ પર પીએમ મોદીનો ફોટો હશે અને તેનાથી ભાજપ એવું સાબિત કરવા માગે છે કે, ગરીબો માટે વિચારતા એક માત્ર નેતા પીએમ મોદી છે.

## અનિલ અંબાણીને ૪૬.૬ અબજ ચુકવવા દિલ્હી મેટ્રોને આદેશ

નવી દિલ્હી, તા.૯

અનિલ અંબાણીની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે દિલ્હી મેટ્રો સામે ૪ વર્ષ જૂની લડાઈ જીતી છે. આ લડાઈ આર્બિટ્રેશન એવોર્ડથી ભંડોળના નિયંત્રણને લઈને હતી, જે અંગે રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનું કહેવું છે કે તેને ધિરાણકર્તાઓના લેણાં ચૂકવવા માટે આની જરૂર છે. બે ન્યાયાધીશોની સુપ્રીમ કોર્ટની પેનલે ગુરુવારે ૨૦૧૭ના આર્બિટ્રેશન એવોર્ડને લઈને અનિલ

● અનુસંધાન પાન-૭ પર






## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી ભીખાભાઈ ભગવાનદાસ પટેલ (રીદ્રોલ)
તા.૦૮-૦૯-૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્દગતનું બેસણું તા.૧૧-૦૯-૨૦૨૧ ને શનિવાર ના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમિયા માતાની વાડી, કલેક્ટર કચેરીની સામે, ઘ-રોડ, સેક્ટર-૧૨, ગાંધીનગર

લિ.

પટેલ મનુભાઈ ભીખાભાઈ (પુત્ર)(મો.૯૪૨૬૩ ૫૯૫૧૪)
(પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન ગાંધીનગર મહાનગર પાલિકા.)
(ડીરેક્ટર-ગાંધી.નાગરિક.કો.ઓ.બેંક.લી.)
(ડીરેક્ટર-ગુજરાત અર્બન.કો.ઓ.બેંક.ફેડરેશન)
પટેલ નરેન્દ્રકુમાર ભીખાભાઈ (પુત્ર)(ગાંધી.નાગરિક બેંક)

પટેલ દશરથભાઈ ભીખાભાઈ (પુત્ર)(મીત પેપર ટ્રેડીંગ)
પટેલ મૌલિક મનુભાઈ (પૌત્ર)(ઓસ્ટ્રેલિયા)
પટેલ ચિંતન નરેન્દ્રભાઈ (પૌત્ર)(ઓસ્ટ્રેલિયા)
પટેલ મિત દશરથભાઈ (પૌત્ર)(ઓસ્ટ્રેલિયા)
કુ.નિશા નરેન્દ્રભાઈ પટેલ (પૌત્રી)

રીદ્રોલ મુકામે બેસણું તા.૧૧-૦૯-૨૦૨૧ ના રોજ નીચેના સ્થળ અને સમયે રાખેલ છે.
સ્થળ : શ્રી ઉમિયા વાડી, ઠે.પરામા, મુ.રીદ્રોલ, તા.માણસા, જી.ગાંધીનગર
સમય : બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે | દશરથભાઈ પટેલ : ૯૪૨૬૦ ૧૦૮૪૪

# બિહારમાં વાયરલ ફિવરથી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ

**રહસ્યમયી તાવનો કહેર બિહાર-મધ્યપ્રદેશ સુધી પહોંચ્યો : યુપીના ફિરોઝાબાદમાં રહસ્યમય તાવથી ૫૫નાં મોત, ગ્વાલિયરમાં વાયરલ ફીવરના કેસમાં સતત વધારો**

પટણા, તા.૯

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદથી શરૂ થયેલો રહસ્યમયી તાવનો કહેર હવે બિહાર અને મધ્ય પ્રદેશ સુધી પહોંચી ગયો છે. બિહારમાં કોરોનાની બીજી લહેરની માફક હોસ્પિટલો ફરીથી ફુલ થઈ ગઈ છે. એક બેડ પર ૨-૨ બાળકોની સારવાર થઈ રહી છે અને ગ્વાલિયરમાં પણ વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

ઉત્તર પ્રદેશની વાત કરીએ તો રાજ્યના અનેક જિલ્લાઓમાં

● અનુસંધાન પાન-૭ પર